# મુંબઈથી ઓપરેટ થતુ લૂટેરી દુલ્હનનું રેકેટ

**માણસા-કલોલ રોડ પર જામળા નજીકના એક ગામમાં વિધવા યુવતી મોકલી લગ્ન કરાવ્યા : ખુશી-ખુશી દરરોજ પરિવારને સાથે જમતા જોઈને મુંબઈથી મોકલવામાં આવેલી યુવતીનુ મન પીગળી ગયુ : લગ્નનાં દસ દિવસમાં ભાગી જવાનો પ્લાન રદ કરીને દલાલો મારફતે ચાલતા આખા રેકેટનો પર્દાફાશ કરવાની યુવતીએ તૈયારી બતાવી: મસમોટુ રેકેટ બહાર આવે તેવી શક્યતા : દોઢ લાખ લગ્ન માટે લઈને યુવતીને લગ્નનાં દશ દિવસમાં ભગાડી દેવાનુ ચાલતુ રેકેટ**

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત રાજયમાં લગ્નવાંચ્છુકો માટે યુવતીઓની અછતનો લાભ લઈ મુરતિયા તથા તેના



પરિવારને ઉલ્લુ બનાવી બોગસ લગ્ન કરાવી દોઢ – બે લાખ રુપિયા ખંખેરી અને દાગીના હાથ લાગે તો તે પણ લઈને ફરાર થવાની ટ્રેનિંગ વાળી યુવતીઓ મારફતે ળોડ કરતી ટોળકીઓ સક્રિય થયેલી છે. આ આંતરરાજ્ય રેકેટ મુંબઈથી ચલાવાઈ રહ્યુ હોવાનુ જાણવા મળ્યુ છે. ગાંધીનગર જીલ્લાના કેટ્લાક ગામોનાં યુવાનો પણ આ ગેંગનો ભોગ બની ચુક્યા છે. માણસા-કલોલ રોડ પર જામળા નજીક આવેલા એક ગામનાં યુવાને તાજેતરમાં જ રકઝક બાદ ૮૩ હજારમાં દલાલ મારફતે એક યુવતી સાથે લગ્ન કર્યા...યુવતી આ ઘરમાંથી ૧૦ દિવસમાં ભાગી જવાની હતી. પરંતુ ઘરમાં તમામ સભ્યોનો મિલનસાર સ્વભાવ અને રોજ એક સાથે જમવાની પરંપરા સહિત પ્રેમાળ સ્વભાવ જોઈને યુવતીનુ મન પીગળી ગયુ ને યુવાનનાં ખભે માથુ નાંખીને ખુબ રડી... તે વિધવા છે, ૧૪ વર્ષનો દિકરો છે, ૧૦ દિવસમાં ભાગી જવાનો પ્લાન હતો..તે સહિતની તમામ સત્ય હકિકતો યુવતીએ કહી દઈ હવે મુંબઈથી ચાલતા રેકેટનો પર્દાફાશ કરવાની તૈયારી દર્શાવી છે. મુંબઈથી સુરતનાં દલાલ અને ત્યાથી માણસાનાં ગુંદ ગામનો દલાદ અને વસઈ ડાભલાનો દલાલ એમ આખી ચેઈન હોવાનું તે જણાવી રહી છે. તપાસ થાય તો ખુબ મોટુ રેકેટ બહાર આવે તેવી શક્યતા છે.

જામળા નજીકનાં એક ગામનો યુવાન રાહુલ (નામ બદલેલ છે) પગભર ન હોવાથી હાલ લગ્ન કરવા માંગતો ન હતો. જો કે તેની ઉંમર ૨૯ થઈ ગઈ હતી એટલે પરિવારજનો લગ્ન કરવા પ્રેશર કરી રહ્યા હતા. દોઢ મહિના પહેલા પરિવારનાં તમામ સભ્યોએ ખુબ પ્રેશર કર્યુ એટલે આખરે રાહુલ લગ્ન કરવા તૈયાર થયો. તેના મામાનો દિકરો લગ્ન કરાવવાનો જ વ્યવસાય કરે છે. એટલે સુરેશની મમ્મી તેને મળવા ગઈ. તેના ઘરે ચાર યુવતીઓ હતી. તેમાંથી એક પસંદ કરી...૭ ઓગષ્ટે યુવતી જોઈ અને બે દિવસ બાદ લગ્ન પણ ગોઠવાઈ દિધા.. મામાના દિકરાએ કહ્યુ

● અનુસંધાન પાન-૭ પર



સ્વચ્છ ગાંધીનગરનો વરવો ચહેરો - સ્વચ્છ ગાંધીનગર અભિયાન વખતો વખત આરંભાય છે અને ગંદકી વખતો વખત ફેલાઈ જાય છે... ગંદકી અને દબાણ ગાંધીનગર માટે સોનાની થાળીમાં લોઢાની મેખ જેવા છે... સુંદર શહેર, ભવ્ય માર્ગો અને આલીશાન ઈમારતોની ઝાકઝમાળ વચ્ચે જામતી ગંદકી શહેરની ભવ્યતાને ઝાંખી પાડે છે... ક્યારેક આ સમસ્યા સ્માર્ટ સિટી માટે અવરોધક બની રહેશે... જેથી ક્યારેક સ્માર્ટ સિટીનું સ્વપ્ન સાકાર નહી થાય એવું લોકજીભે ચર્ચાય છે....

# જિલ્લામાં આજથી સ્વચ્છતા સમરસતા સપ્તાહ ઉજવાશે

**૨૭ ગામોને ૧૦૦ ટકા શૌચાલયની સુવિધાથી આવરી લેવા માટે ૨૭ લાયઝન અધિકારીઓ નિમાયા : ત્રણ ઈજનેરી કોલેજના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓ શ્રમદાન કરી જોડાશે**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં આજથી સ્વચ્છતા સમરસતા સપ્તાહનો આરંભ થઈ રહ્યો છે તે અંગે તંત્ર દ્વારા પુરતી તૈયારીઓ કરી લેવામાં આવી છે. આ સપ્તાહની ઉજવણીમાં ત્રણ કોલેજોના ૨૫૦થી પણ વધુ વિદ્યાર્થીઓ જોડાઈને શ્રમદાન કરવાના છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, શિક્ષણ વિભાગ દ્વારા સંયુક્ત રીતે યોજાઈ રહેલા આ સ્વચ્છતા અભિયાનની પૂર્ણાહુતિ ૨જી ઓક્ટો.ના રોજ થશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ૧૨૦ ગામો જે ઓ.ડી.એફ. થયા છે તે ઉપરાંત અન્ય ગામો પણ ઓ.ડી.એ. થાય તે દિશામાં કાર્યવાહી ચાલી રહી છે. ઓ.ડી.એફ. થયેલા ગામોમાં હવે નિગરાની સમિતિઓ નિયમિત રીતે ગાંધીગીરી કરશે. આ ઉપરાંત આ ગામોના ક્રોસ વેરીફેકેશનની કાર્યવાહી પણ આ સપ્તાહ દરમ્યાન કરવામાં આવશે.

જિલ્લાના ૨૭ ગામોમાં ૧૦૦ ટકા શૌચાલયો બનાવવાનો લક્ષ્યાંક આ સપ્તાહ દરમ્યાન સિદ્ધ કરવામાં આવશે. આ માટે ૨૭ જેટલા લાયઝન અધિકારીઓની પણ નિમણુંક કરી દેવામાં આવી છે.

શિક્ષણ વિભાગ દ્વારા બાળકોની પ્રભાત ફેરી, ગ્રામ્ય વિસ્તારની જાહેર સંસ્થાઓ, જાહેર સ્થળો, શાળાની સફાઈ ઉપરાંત

● અનુસંધાન પાન-૭ પર

# આજથી શહેરમાં પાણી પુરવઠો રાબેતા મુજબ

**ચરેડી તેમજ સરીતા ઉધ્યાનના વોટર વર્કસની સફાઈનુ કામ પુર્ણ : નવા સેકટરોમાં પાણીનો સપ્લાય યથાવત રહ્યો**

ગાંધીનગર તા ૨૪

શહેરમાં આજે પાણી પુરવઠાનો સપ્લાય બંધ રાખવામાં આવ્યો હતો. ચરેડી તેમજ સરીતાના વોટર વર્કસ ખાતે સફાઈ તેમજ લીકેજીસ નિવારવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જો કે આ દરમિયાન શહેરના નવા સેકટરોમાં પાણી પુરવઠો હળવા દબાણથી સપ્લાય કરવામાં આવ્યો હતો. પરંતુ જુના સેકટરોમાં પાણી ન આવતા રહીશોએ હાલાકી વેઠવી પડી હતી સફાઈ તેમજ સમારકામ પુર્ણ થતા તા ૨૫ સપ્ટેમ્બરથી રાબેતા મુજબ પાણીનો સપ્લાય ચાલુ કરી દેવાશે.

શહેરમાં ચેરડી તેમજ સરીતા ઉધ્યાનના વોટર વર્કસમાં આજે સફાઈ હાથ ધરવામાં આવી હતી. જયારે ચરેડી ખાતે પાણીની લાઈનના લીકેજીસને નિવારવા પણ સમારકામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જેના લીધે શહેરમાં આજે પાણી પુરવઠાનો સપ્લાય બંધ રાખવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# રૂપાલમાં પલ્લીનો મેળો ૯મીએ યોજાશે

**તંત્ર દ્વારા પણ નકલી ઘી ના વેચાણ સામે ખાસ ટીમો મેદાનમાં ઉતારવા સહિત મહત્વના નિર્ણયો કર્યા**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ રૂપાલ ખાતે યોજાતી પલ્લી આ વર્ષે ૯મી ઓકટો.ના રોજ યોજવામાં આવશે.

પરંપરાગત રીતે યોજાતા આ પલ્લીના મેળાની તૈયારીનો આરંભ થઈ ચુક્યો હોવાનું જણાવતા મંદિરના મેનેજર અરવિંદભાઈએ જણાવ્યું હતું કે ૯મીએ પલ્લીનો મેળો યોજાશે. હાલ મંદિરના જીર્ણોદ્વારની જે કામગીરી ચાલી રહી છે તે ૩૦ ટકા જેટલી પૂરી થઈ ગઈ છે અને હાલ કામ સ્થગિત કરવામાં આવ્યું છે. જે પલ્લી બાદ પુનઃ આરંભાશે.

તેમણે જણાવ્યુ હતુ કે પલ્લી પર્વની ઉજવણીમાં દિવસો જ ગણવામાં આવે છે. ૧લીએ આસો સુદ-૧ થી નવરાત્રિનો પ્રારંભ થશે. તેમણે જણાવ્યુ હતુ કે પલ્લીના મેળામાં આવનાર માઈભક્તોને ખીચડી-કડીનો પ્રસાદ આપવામાં આવશે.

દરમ્યાન જિલ્લા તંત્ર દ્વારા પણ પલ્લીના મેળામાં નકલી ઘીનું વેચાણ થતુ અટકે તે માટે ખોરાક ઔષધ નિયમન તંત્રની સાથે આરોગ્ય-મહેસુલના અધિકારીઓની ટીમો બનાવી સઘન તપાસ કરવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત પલ્લીમાં ઘી ચડાવવા માટે ધસારો ના થાય તે માટે મંદિર સહિત ગામના વિવિધ સ્થળોએ પણ મંદિર દ્વારા કાઉન્ટર શરૂ કરી પૈસા સ્વીકારી

● અનુસંધાન પાન-૭ પર

## પ્રાર્થના સભા / બેસણું



અમારા પૂજ્યભાઈ / પિતાશ્રી **રમેશચંદ્ર ભુલારામ રાવલ (શાસ્ત્રીજી) (ઈસનપુર મોટા)** તા. ૨૪/૯/૨૦૧૬ને શનિવારના રોજ કૈલાસવાસી થયેલ છે. **સ્વર્ગસ્થનું બેસણું નીચેની તારીખ, સમય અને સ્થળ મુજબ** રાખેલ છે.

| તા. ૨૫/૯/૨૦૧૬, રવિવાર | તા. ૨૯/૯/૨૦૧૬, ગુરૂવાર |
|---|---|
| સવારે ૯ થી ૧૨ | સવારે ૯ થી ૧૨ |
| ૭૪૭, આદર્શનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર | શેઠ ભીખાભાઈ હાઈસ્કૂલ ઈસનપુર મોટા, તા.જી. ગાંધીનગર |

લી.

ગં.સ્વ. શારદાબેન રમેશચંદ્ર રાવલ

| | |
|---|---|
| અરૂણકુમાર બી. રાવલ | પંકજકુમાર રમેશચંદ્ર રાવલ |
| ગુણવંતરાય બી. રાવલ | દિલીપ રમેશચંદ્ર રાવલ (વાસ્તુશાસ્ત્રી) |
| કેયુર પી. રાવલ | હરેશ રમેશચંદ્ર રાવલ |
| વિવેક ડી. રાવલ | હેત હરેશ રાવલ |
| શોભનાબેન ગિરીશકુમાર દવે | અંજનાબેન હરેશકુમાર વ્યાસ |

તથા સમગ્ર રાવલ પરિવાર

નોંધ : પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત બંને સમય અને સ્થળે રાખેલ છે.
લી. : વિષ્ણુકુમાર શંકરલાલ રાવલ પરિવાર

# રાજ્યમાં વિવિધ ભરતી પ્રક્રિયા હાલ પુરતી સ્થગિત કરાઈ

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યમાં વિવિધ સરકારી વિભાગોમાં ભરતી પ્રક્રિયા હાલ પુરતી સ્થગિત કરવામાં આવી છે. અને આગામી ટુંક સમયમાં ૧૦ ટકા ઈબીસી અંગેનો રસ્તો કાઢવામાં આવ્યા બાદ ભરતી શરૂ કરાશે.

ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા બિન અનામત વર્ગના આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટે શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે તેમજ સરકારી નોકરીઓમાં ૧૦ ટકા ઈબીસીનો નિર્ણય લઈને અમલમાં મુકવામાં આવ્યો હતો.

જો કે રાજ્ય સરકારના આ નિર્ણયને કોર્ટમાં પડકારવામાં આવતા કોર્ટે આ નિર્ણયને રદ બાતલ કર્યો હતો. આથી સરકારી નોકરીઓમાં ૧૦ ટકા ઈબીસીનો અમલ અશક્ય બન્યો હતો.

રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ અંગે એક પરીપત્ર ગઈકાલે જારી કર્યો હતો પરંતુ ગણતરીના કલાકોમાં જ રાજ્ય સરકારે બીજો પરીપત્ર જારી કરીને અગાઉ જારી કરેલ પરીપત્ર રદ કર્યો હતો.

આ અંગે આજે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે સ્પષ્ટતા કરતા એવી જાહેરાત કરી હતી કે રાજ્યના યુવાનોને નોકરીઓમાં અન્યાય ન થાય તે માટે આગામી ટુંક સમયમાં કાયદાના નિષ્ણાંતો સાથે પરામર્શ કરીને ૧૦ ટકા ઈબીસીના અમલ અંગેનો કોઈ ઉકેલ શોધી કાઢવામાં આવશે. ત્યાં સુધી ભરતી પ્રક્રિયા સ્થગિત કરવામાં આવી છે.

## હૃદયાંજલિ



સ્વ. વેસ્લી પીટર્સ (કીર્તિ)
આર્ટીસ્ટ, કોરિયોગ્રાફર
સ્થાપક : નૃત્યશ્રી કલાવૃંદ

**ગાંધીનગરના સાંસ્કૃતિક ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન પ્રદાન કરનાર યુવા કલાકાર વેસલી પીટર્સ (કિર્તી)ની અચાનક એક્ઝીટથી અમે સૌ ગાંધીનગરના કલા સંગઠનો અને કલાકારો ઘેરા આઘાતની લાગણી અનુભવીએ છીએ...**

**પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે અને તેમના પરિવાર પર આવી પડેલ આફતને સહન કરવાની શક્તિ આપે એવી પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ...**

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ ●

● પનઘટ ● સુરમધુર ● વેણુભારતી
● અવસર ● મલ્હાર ● ઉત્સવ
● રાગા ● રંગોલી ● કલાયાત્રા
● ફ્રેન્ડ્સ ● રમઝટ ● વૃંદાવન
● પ્રસંગ ● ડાયમંડ ● સુરાંગન
● સિલ્વર સ્ટેપર ● ઓમ ગૃપ ● એમઆરડીસી
● જી ઈ ક્લબ ● બ્લ્યૂ બબલ્સ ● ફોરમોસ્ટ એકેડમી

જયરાજસિંહ સરવૈયા | ભીખુદાન ગઢવી
આશાબેન સરવૈયા | રાજેશ બારોટ (ભાવનગર)
હરેશ રાઠોડ - બલવંત સિંઘા - દેવાંગ પંચાલ

તથા ગાંધીનગરના કલાકારો, કલાભાવકો

## કીડની દાન માટે નમ્ર અપીલ

અમારા ભાણેજના પત્ની મંજુલાબેન દિલીપભાઈ શુક્લ કીડની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે - તેમની એક કીડની ૨૩મીએ ઓપરેશન દ્વારા કાઢી નાખેલ છે. બે નાના બાળકોની માતાના જીવન માટે કીડની દાન માટે અમે અપીલ કરીએ છીએ.

ખુશાલભાઈ એચ. રત્નોત્તર - મો. ૯૭૩૭૧૧૮૩૬૮
દિલીપભાઈ શુક્લ - મો. : ૯૭૨૭૧૫૩૨૯૦

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિતે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com